# પ્રાંતિજ ખાતે ધ્યાન તાલીમનો મેડિટેશન કાર્યક્રમ યોજાયો

## તાલુકાની આંગણવાડી બહેનો હાજર રહ્યા હતાઃ સંસ્થા વિશ્વના ૧૬૦થી વધારે દેશોમા કાર્યરત




પ્રાંતિજ તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના વદરાડ ખાતે આવેલ સેન્ટર ઓફ એકસલેન્સ ફોર વેજીટેબલ ખાતે હાર્ટફૂલનેસ સંસ્થાના સહયોગ થી ધ્યાન ની તાલીમ નો મેડિટેશન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ ના વદરાડ ખાતે આવેલ સેન્ટર ઓફ એકસલેન્સ ફોર વેજીટેબલ ખાતે હાર્ટ ફૂલનેસ સંસ્થાના સહયોગ થી ધ્યાન ની તાલીમ નો મેડિટેશન કાર્યક્રમ યોજાયો હતો જેમા હાર્ટફૂલનેસ સંસ્થાના ટ્રેનર કેજલભાઈ કંસારા તથા હાર્ટફૂલનેસ સંસ્થાની ટીમ દ્વારા ધ્યાનથી તણાવમાંથી મુક્તિ, જીવનમાં સકારાત્મકતા, આત્મવિશ્વાસનો વિકાસ, આંતરિક દિવ્યતા, દૈનિક કામગીરીમાં ચોકકસતા જેવા ફાયદાઓ વિષે સમજ આપવામાં આવી હતી. ત્યારબાદ પ્રૅક્ટિકલી શારીરિક હળવાશ (રિલેક્ષશેશન ) કરાવવામાં આવ્યું અને ત્યારબાદ પ્રત્યક્ષ ધ્યાનની (મેડિટેશન)અનુભૂતિ કરાવવામાં આવી હતી. મેડિટેશન પછી બહેનોના પ્રતિભાવ લેવામાં આવ્યા હતા. જે ખૂબ જ અનોખા અને હકારાત્મક રહ્યા હતા. વધુમાં સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું કે ધ્યાનની આ પધ્ધતિ પ્રાકૃતિક પધ્ધતિ છે અને તેમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર સૌ કોઈ જોડાઈ શકે છે. આ માટે કોઈ પણ જાત ચાર્જ લાગતો નથી. અને આ સંસ્થા વિશ્વના ૧૬૦ થી વધારે દેશોમાં કાર્યરત છે તો આ કાર્યક્રમ મા આંગણવાડી સુપર વાઈઝર મિનાક્ષીબેન જોશી , પ્રાંતિજ તાલુકા ની આંગણવાડી બહેનો હાજર રહ્યા હતા તો પ્રાંતિજ તાલુકા પ્રોજેક્ટ ડાયરેક્ટર નિલેશ કુમાર પટેલ દ્વારા માર્ગદર્શન સાથે સહયોગ પુરો પાડયો હતો

# વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ગરબા

## બાયડ-માલપુર તાલુકાની બહેનોએ ભાગ લીધો




બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૨

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન-અમદાવાદ જાસપુર દ્વારા ત્રિ-દિવસીય ગરબાનું આ યોજન કરાયું જેમાં બાયડ-માલપુર તાલુકાની પાટીદાર સમાજની બહેનોએ ભાગ લઈ ઈનામ જીત્યા હતા. આજે બાયડ તાલુકાના કોજણ ગામની બહેનો આયોજીત કરાયેલા ગરબામાં ભાગ લેશે. નવરાત્રિ શરુ થતાં ગામે ગામ નવરાત્રિ મહોત્સવનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિ શ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા પ્રથમ વખત દરેક જિલ્લામાંથી મહિલા ગરબાનું આયોજન કરવામાં આવ્યું જે અન્વયે બાયડ અને માલપુર તાલુકાની બહેનોએ જાસપુર ખાતે ગર બા આયોજનમાં ટ્રેડીશનલ ડ્રેસમાં ભાગ લીધો. તમામ બહેનોને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશ ન દ્વારા અલગ અલગ દાતાઓ તરફથી ભેટ આપવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા કન્વિનર મયૂર પટેલ, મહિલા કન્વિનર નીશાબેન પટેલ, બાયડ તાલુકા કન્વિનર વિ મલભાઈ પટેલ, મહિલા કન્વિનર જીજ્ઞાબેન પટેલ, માલપુર તાલુકા મહિલા કન્વિનર લત્તાબેન પટેલ અને જિલ્લા-તાલુકાના હોદેદારોએ હાજર રહી અરવલ્લી જિલ્લાને ગૌ રવ અપાવનાર બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



રમેશચંદ્ર સી.શાહ
અમદાવાદ (આકૃંદ)



રમેશભાઈ એમ.શાહ
બાયડ

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# મેઘરજ તાલુકામાં ફોલ્ડરીયો ના ચૂંટાતા એક સહકારી આગેવાન ધુંઆપુંઆ

## ભૂતકાળમાં ઉઘરાવેલા કરોડો રૂપિયાનું લિસ્ટ સંસ્થાના વડા પાસે પહોંચે તેવી શક્યતા

મેઘરજ તા. ૧૨

મેઘરજમાં છેલ્લા કેટલાક સમયથી એક સહકારી આગેવાન ચર્ચાના ચગડોળે ચડ્યો છે. અત્યાર સુધીમાં ખોટા વચનો આપી લોકોનો ભરપૂર ઉપયોગ કર્યો પરંતુ હવે જાગૃત લોકો સમજી જતા આ સહકારી આગેવાન રઘવાયો થયો છે.અને કાયદાની આંટીગુટીમાં ફસાવી ધાર્યું કરાવવા મથામણ કરી રહ્યો છે. તાલુકાની એક સંસ્થામાં પોતાના ધાર્યા માણસને જ ગોઠવવા તલપાપડ બનેલા આગેવાનનુ ધાર્યું ના થતાં ચોપડાઓ ગુમ કરાવી દીધા હોવાની ગરમાગરમ ચર્ચાઓ થઈ રહી છે. તાલુકામાં આ સહકારી આગેવાનથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ભૂતકાળમાં નોકરીના નામે લાખો રૂપિયાનું ઉઘરાણું કરી કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ કરી લીધાની ચર્ચાઓ જગ જાહેર છે. ત્યારે આવનાર સમયમાં આ આગેવાનની જન્મ કુંડળી સંસ્થાના વડા સુધી પહોંચે તેમ છે. જુઠ્ઠું બોલવામાં તો આ આગેવાનને વર્લ્ડ રેકોર્ડ મળે તેમ છે.


મફતની તમાકુ ખાવા ટેવાયેલા આ આગેવાન જયારે પણ હિંમતનગરનું કામ હોય ત્યારે કોઈ અરજદાર કે કામ માટે ગરજે પડેલા વ્યક્તિનો સહારો લઈ અરજદારના ખર્ચે, અરજદારની પાસે ગાડી મંગાવવા મજબૂર કરી દીધા હોવાની ચર્ચાઓ લોક મુખે સાંભળવા મળી રહી છે.

# ભેંમયોડા નજીક દીપડો દેખાયા પછી ખેડૂતો અદ્રશ્યઃ મુંગા પશુઓનું મારણ થતાં પશુપાલકો ફફડ્યા

બાયડ, તા. ૧૨

માલપુરના ભેંમપોડા નજીક દીપડો દેખાયા પછી મંગળવાર સવારથી ખેડૂતો ખેતરમાંથી અદ્રશ્ય થઈ ગયા છે. દીપડાએ ૪ થી વધુ મુંગા પશુઓનું મારણ કરતા પશુપાલકો ફફડી ઉઠ્યા છે.

અરવલ્લી જિલ્લામાં દીપડા સહીત હિંસક પ્રાણીઓનો વસવાટ વધી રહ્યો છે. પરંતુ માત્ર વિરપ્પનો સાથે જુગલબંધી રાખતું વનવિભાગ વન્ય પ્રાણીઓ, તેમની અવરજવર બાબતો નજર અંદાજ કરતા ફરી એકવાર માલપુર બાયડ તાલુકાના ખેડૂતોની ઊંઘ હરામ થઈ ગઈ છે. જાણવા મળ્યા મુજબ કેટલાક યુવાનોએ વાત્રક ડેમ અને ભેંમયોડા વિસ્તારમાં પ્રસરી જતાં ખેડૂતોએ તમામ ખેતીના કામ પડતા મૂકી ઘર ભણી દોટ લગાવી હતી. દીપડો જ્યાં સુધી પાંજરે ન પુરાય ત્યાં સુધી ખેડૂતો પોતાના જીવનાં જોખમ લેવા તૈયાર નથી. માલપુર તાલુકાના વન અધિકારીઓ કોઈનો પણ મોબાઈલ ઉપાડતા નથી. જેથી દીપડા જેવા હિંસક પ્રાણીઓ દેખાય ત્યારે ખેડૂતો - સ્થાનિકો કોને જાણ કરે...!! તે પણ યક્ષ પ્રશ્ન સામે આવ્યો છે. દીપડો છેલ્લા ૨-૩ દિવસથી આ વિસ્તારમાં ફરી રહ્યો હોવાનું સ્થાનિક જણાવી રહ્યા છે તો પછી વન વિભાગ કેમ ૩ દિવસથી અજાણ રહ્યું છે તો પછી વનવિભાગ કેમ ૩ દિવસથી અજાણ રહ્યું - દીપડાને પૂરવા તાબડતોબ પાંજરાં મુકવા પડશે નહીંતર દીપડો માનવભક્ષી બની જાય તેવો અંદેશો વ્યક્ત થઈ રહી છે.



# અરવલ્લી જિલ્લા અંડર-૧૯ શાળા ખો-ખો સ્પર્ધા ધનસુરા ખાતે યોજાઈ

## અંડર-૧૯ ટીમના ખેલાડીઓનું અદ્ભૂત પ્રદર્શન



બાયડ, તા. ૧૨

અરવલ્લી જિલ્લા રમતગમત કચેરી દ્વારા શાળાકીય રમત સ્પર્ધાઓ શરૂ થઈ છે. તા. ૧૨મીના રોજ અંડર-૧૯ ભાઈ-બહેનોની જિલ્લા કક્ષઆની ખોખો સ્પર્ધા ધનસુરા તાલુકાની આકરૂંન્દ હાઈસ્કૂલમાં યોજાઈ ગઈ. જેમાં અપેક્ષા મુજબ આકરૂન્દ હાઈસ્કૂલના ભાઈઓની ટીમ ગણતરીની મીનીટોમાં જ વિજય મેળવી જિલ્લા ચેમ્પિયનશીપ મેળવી છે.

ખોખોમાં છેલ્લા ૧૬ વર્ષથી આકરૂન્દ હાઈસ્કૂલ ભાઈઓની ટીમનો જલવો જળવાઈ રહ્ય છે. અગાઉ ખેલ મહાકુંભમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ગોલ્ડન, સિલ્વર મેડલ મેળવી ઈતિહાસ પણ રચ્યા છે. કોરોના સંક્રમણના કારણે શાળાકીય રમત-સ્પર્ધા અને ખેલ મહાકુંભ મુલત્વી રહ્યો હતો. કોરોના સંક્રમણ ઘટતાં હવે શાળાકીય સ્પર્ધાઓ શરુ થઈ છે. આકરુન્દ હાઈસ્કૂલમાં યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ માટે પ્રથમથી જ દાવેદાર ભાઈઓમાં આકરૂન્દ હાઈસ્કૂલ તા. ધનસુરા વિજેતા બની હતી અને શાળાને ગૌરવ અપાવ્યું હતું. તો ઉપવિજેતા ટીમ જીતપુર હાઈસ્કૂલ તા. બાયડ રહી હતી.

બહેનોનાંના વિભાગમાં સાઠમ્બા હાઈસ્કૂલ તા. બાયડ વિજેતા રહી હતી જયારે મલેકપુર હાઈસ્કૂલ તા. ભિલોડા ઉપવિજેતા રહી હતી. વિજેતા-ઉપવિજેતા ટીમને શાળાના આચાર્ય જે.ડી ભાટી, કોચ પંકજભાઈ કટારા, એમ એ. દેસાઈ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.





# પાલનપુરમાં ભુગર્ભ ગટરની કામગીરી બંધ ન કરાતા અરજદાર ભૂખ હડતાળ પર બેઠો

પાલનપુર, તા. ૧૨

પાલનપુર શહેરમાં છેલ્લા ઘણાં સમયથી ભુગર્ભ ગટરની કામગીરી ચાલી રહી છે જેમાં ગેરીરીતિ આચરતા કામ બંધ ન થતા એક અરજદાર ભૂખ હળતાલ પર ઊતર્યો હતો. પાલનપુર શહેરમાં ભુગર્ભ ગટરની કામગીરી માં કોન્ટ્રાકટર દ્વારા ગેરરીતિ આચરતા પાલનપુર ના સોનબાગ વિસ્તારમાં રહેતા અમરતભાઈ ચૌહાણએ ઘણી વાર તંત્રને રજુઆત કરવા છતાં કોઈ નિવેડો ન આવતા આજે કલેકટર કચેરી ખાતે ભૂખ હડતાળ પર ઊતર્યો હતો. આ બાબતે અમરતભાઈ ચૌહાણએ જણાવ્યું કે પાલનપુરમાં ઘણા સમયથી ભુગર્ભ ગટરનું કામ ચાલી રહ્યું છે જેમાં કોન્ટ્રકટર દ્વારા ગેરરીતિ આચરવામાં આવી રહી છે શહેરમાં પીવાના પાણી માટે ૧૪ ગેજની પાઈપલાઈન નાખેલી છે જયારે ગટરમાં ૬ ગેજની પાઈપલાઈન નાખવામાં આવી રહી છે તો ક્યાંથી નિકાલ થશે એ માટે કલેકટર અને લાગતી એજનીસને જાણ કરવા છતાં કોઈ ઉકેલ ના આવતા ભૂખ હડતાળ પર બેઠો છું.



# પાલનપુરની યુવતી સાથે લગ્નની લાલચે વારંવાર દુષ્કર્મ ગુજાર્યો

પાલનપુર, તા. ૧૨

પાલનપુરમાં એક યુવતીને લગ્ન કરવાની લાલચ આપી હોટલ તેમજ ગાડીમાં અનેકવાર બળઝબરી પૂર્વક બળાત્કાર ગુજારવામાં આવ્યો હોવાની પોલીસ ફરિયાદ દાખલ થઈ છે યુવકે બળાત્કાર ગુજાર્યા બાદ લગ્ન ન કરતા યુવતીએ યુવક સામે બળઝબરી પૂર્વક બળાત્કાર ગુજારી વિશ્વાસઘાત કરવા મામલે ફરિયાદ દાખલ કરાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે

પાલનપુરના કમાલપુરા વિસ્તારમાં રહેતી એક ૩૦ વર્ષીય યુવતીને પાલનપુરના ગઠામણ દરવાજા પેટ્રોલપંપ પાસે રહેતા અશોક ગણપતભાઈ પ્રજપતિએ લગ્ન કરવાની લાલચ આપી એક વર્ષ સુધી પાલનપુરના ચડોતર ગામ નજીક આવેલ એક હોટલમાં તેમજ ગાડીમાં યુવતીની મરજી વિરુદ્ધ અવાર નવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો બાદમાં યુવતી સાથે લગ્ન ન કરતા યુવતીએ પોતાની સાથે મરજી વિરુદ્ધ બળાત્કાર ગુજારનાર અશોક પ્રજાપતિ વિરુદ્ધ શહેર પૂર્વ પોલીસ મથેક દુષ્કર્મ આચરી વિશ્વાસઘાત કરવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે.




## આનંદપુરા કંપામાં છઠ્ઠા નોરતે સમૂહ આરતીનો અદ્દભુત નજારો

કોરોના સંક્રમણના સંકટ વચ્ચે સરકારે શેરી ગરબાના આયોજનને મંજૂરી આપી છે ત્યારે મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લો નવલી નવરાત્રીના રંગે રંગાયો છે મોડાસા તાલુકાના આનંદપુરા કંપામાં છઠ્ઠા નોરતે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવતા અબાલ,વૃદ્ધ સૌ કોઈએ માતાજીની સમૂહ આરતી ઉતારી આરાધના કરી હતી સમૂહ આરતીનો નયનરમ્ય નજારો જોવા મળ્યો હતો

# ગણપત યુનિવર્સિટીને નર્સિંગ ઈન્સ્ટિટ્યૂટ શરુ કરવા અમેરિકા સ્થિત એન.આર.આઈ પરિવારનું માતબર દાન

ગણપત વિદ્યાનગર, તા. ૧૨

મૂળે મહેસાણા જિલ્લાના કડી શહેરના વતની એનઆરઆઈ (NRI) શ્રી ભૂપેશ પરીખ અને તેમના પત્ની શ્રીમતી કુમુદબેનના હસ્તે ગણપત યુનિવર્સિટી - ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગને અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ કોલેજ સ્થાપવા માટે રૂપિયા પાંચ કરોડ જેવી માતબર રકમનું દાન મળેલ છે, જે થકી "કુમુદ એન્ડ ભૂપેશ ઈન્સ્ટિટ્યૂટ ઑફ નર્સિંગ" ની સ્થાપના ગણપત યુનિવર્સિટી દ્વારા થશે, જેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અત્યાધુનિક અને એડવાન્સ્ડ ટેકનોલોજી વાળા અને સંપૂર્ણ સુવિધાસભર કલાસરૂમ તેમજ ઈમ્પોર્ટેડ સાધનોથી સજ્જ લેબોરેટરી વગેરેની સુવિધા મળશે. આ નર્સિંગ કોલેજ સમગ્ર રાજ્યમાં સ્થપાયેલ અન્ય નર્સિંગ કોલેજ કરતા ભિન્ન અને શ્રેષ્ઠતમ હશે જેનો લાભ ગુજરાત રાજય અને દેશના તમામ વિદ્યાર્થીઓને મળશે.



મૂળે કડીના વતની અને હાલ USA નિવાસી દાતાશ્રી ભૂપેશભાઈ અને શ્રીમતી કુમુદબેન પરીખ

શ્રી પરીખ માને છે કે સમાજના દરેક વર્ગના યુવાનો અને યુવતીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાનું એકમાત્ર માધ્યમ યુનિવર્સિટી છે માટે તેમણે પોતાનું દાન યુનિવર્સિટીને આપ્યું છે. તેઓશ્રી ગણપત યુનિવર્સિટીના વિદ્યા થકી સમાજ ઉત્કર્ષના ભગીરથ કાર્યથી વાકેફ છે. શ્રી ગણપતભાઈ પટેલ અને શ્રીમતી મંજુલાબેન પટેલના શિક્ષણ થકી સમાજ ઉત્થાનના સેવાકાર્યમાં સહભાગી થવા તેમના અંગત મિત્ર શ્રી ભૂપેશ અને શ્રીમતી કુમુદ પરીખ તરફથી ગણપત યુનિવર્સિટીને આ રૂપિયા પાંચ કરોડનું માતબર દાન મળ્યું છે.